# BUSINESS મિત્ર

## શેરબજારમાં સાપ્તાહિક દ્રષ્ટિએ ચાર મહિનાનો સૌથી મોટો ઉછાળો

**સેન્સેક્સમાં** 2034 પોઇન્ટ અને નિફ્ટીમાં 616 પોઇન્ટનો વધારો જોવાયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 1: છેલ્લા ચાર મહિનામાં ભારતીય શેરબજારો માટે આ સપ્તાહ સૌથી શ્રેષ્ઠ રહ્યું હતું. બજારના મુખઅય સુચકાંકો અઢી ટકાથી વધુ વધ્યા હતા. જુન કવાર્ટરમાં કંપનીઓના અફેક્ષા કરતા વધુ સારા પરિણામો, રૂપિયાની મજબૂતી અને વિદેશી રોકાણકારો દ્વારા ખરીદીને ટેકો મળ્યો હતો.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 2034 પોઈન્ટ એટલે કે 2.67 ટકા વધીને 78000 પોઈન્ટની સપાટી કુદાવીને 78034 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

જ્યારે નિફ્ટી 616 પોઈન્ટ એટલે કે 2.59 ટકા વધીને 24350 પોઈન્ટની ઉપર 24383 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આ સપ્તાહમાં સૌથી વધુ ઉછાળો આઈટી શેરોમાં જોવાયો હતો. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 6.75 ટકા, નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 5.61 ટકાનો ઉછાળો નોંધાયો છે.

ખાસ વાત એ છે કે આ સપ્તાહે નાની-મોટી તમામ પ્રકારની કંપનીઓના શેરોમાં વધારો થયો હતો. નિફ્ટી સ્મોલકેપ 100 ઈન્ડેક્સ 2.6 ટકા વધ્યો હતો.

રેડિગન્ટન, કેન્સ ટેકનોલોજી ઈન્ડિયા, ફર્સ્ટસોર્સ સોલ્યુશન્સ, બ્રિગ્રેડ એન્ટરપ્રાઈઝ, એફલ થ્રીઆઈ, આઈઆઈએફએલ ફાઈ. કેફિન ટેકનો અને આઈએફસીઆઈના શેરમાં 24 ટકાનો ઉછાળો આવ્યો હતો.

નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સમાં પણ આ સપ્તાહે 2 ટકાનો ઉછાળો આવ્યો છે. કોફોર્જ, લોરસ લેબ, સ્વિગી, સીસીઆઈ અને અશોક લેલેન્ડ 10 ટકા ઉછળ્યા હતા. જ્યારે સુઝલોન એનર્જી, ફોનિક્સ મીલ્સ, બિલિયન બ્રેઈન, ગેરેજ વેન્ચર્સ, બેન્ક ઓફ ઈન્ડિયા અને એલઆઈસીએચએફનો સમાવેશ થાય છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બે સપ્તાહના અંતરાલ પછી આ અઠવાડિયે ભારતીય બજારમાં રોકાણ કર્યું હતું. તેમણે 5946 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. ડીઆઈઆઈએ પણ 5387 કરોડ રૂપિયાની ખરીદી કરીને બજારને સારો ટેકો આપ્યો હતો. રૂપિયામાં પણ છેલ્લા પાંચ સપ્તાહથી ઘટાડો અટકી ગયો છે. અમેરિકન ડોલર સામે 118 પૈસા વધીને 95.39 ના સ્તર પર બંધ થયા છે.

આ અઠવાડિયે મારુતિ સુઝુકી, હ્યુન્ડાઇ, એશિયન પેઈન્ટ્સ, સ્વિગી, આઈટીસી અને સન ફાર્મા સહિત ઘણી મોટી કંપનીઓ જૂન ક્વાર્ટરના પરિણામોમાં બહાર આવી હતી. મારુતિનો નફો 11 ટકા ઘટ્યો હતો. આઈટીસીનો નફો 27 ટકા ઘટ્યો હતો. જોકે, સન ફાર્માનો નફો 27 ટકા વધ્યો હતો. એશિયન પેઈન્ટ્સનો નફો 40 ટકા વધ્યો છે.

## ટેલિકોમ વિભાગે વોડાફોન આઇડિયાને 27 કરોડ રૂપિયાના દંડની નોટિસ ફટકારી

નવી દિલ્હી, તા. 1: દેવામાં ડુબેલી ટેલિકોમ કંપની વોડાફોન આઇડિયાની મુશ્કેલીઓ ઘટવાનું નામ લેતી નથી. કંપનીને હવે ભારત સરકારના ટેલિકોમ્યુનિકેશન વિભાગ-ડીઓટી તરફથી મોટો ઝટકો લાગ્યો છે. ડીઓટીએ સ્પેક્ટ્રમ રોલઆઉટ જવાબદારીઓ પુરી ન કરવા બદલ કંપની પર રૂ. 26.83 કરોડનો દંડ લાદ્યો છે.

કંપનીને મળેલી 26.83 કરોડ રૂપિયાની પેનલ્ટી નોટિસની અસર તેના શેર પર જોઇ શકાય છે. સપ્તાહના અંતિમ દિવસે કંપનીનો શેર 1.09 ટકાના વધારા સાથે 13 રૂપિયાના સ્તર પર બંધ રહ્યો હતો. છેલ્લા એક મહિનામાં તેના શેરમાં 10 ટકાથી વધુનો ઘટાડો થયો છે.

વોડાફોન આઈડિયા દ્વારા સ્ટોક એક્સચેન્જને આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, આ નોટિસ 2022માં યોજાયેલી સ્પેક્ટ્રમની હરાજી સાથે સંબંધિત છે. કંપની પર આરોપ છે કે તે હરાજીની શરતો હેઠળ નિર્ધારિત 'ન્યૂનતમ રોલઆઉટ જવાબદારીઓ'નું પાલન કરતી નથી.

વોડાફોન આઇડિયાને આ નોટિસ 31 જુલાઇના રોજ મળી હતી. કંપનીએ સ્પષ્ટતા કરી છે કે તે હાલમાં આ નોટિસની સમીક્ષા કરી રહી છે અને આ કેસમાં આગામી કાનુની અથવા વહીવટી પગલાંઓનું મુલ્યાંકન કરી રહી છે.

## જો સમયસર વેરો ચૂકવીને ઈલે. કેશ લેજરમાં રકમ જમા કરવામાં આવેલ હોય તો પત્રક મોડું ભરીને તે રકમ મોડી સરભર કરવામાં આવે તો પણ વ્યાજ ન લાગે

### નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

GST નિયમ 88 બીમાં તા. 10-7-24ના રોજ પ્રોવિઝો દાખલ કરવામાં આવેલ છે. જે મુજબ જો પત્રક ભરવાની છેલ્લી તારીખ પહેલાં ઈલેક્ટ્રોનીક કેશ લેજરમાં રકમ જમા કરાવવામાં આવેલ હોય તેવી રકમ મોડા ભરવામાં આવેલ પત્રક મુજબ ભરવાપાત્ર વેરા સામે સરભર કરવામાં આવેલ હોય તો તેવી રકમ ઉપર વ્યાજ લાગશે નહીં. તો.. નિયમ 88 બીનો પ્રોવિઝો તા. 10-7-24ના દાખલ કરવામાં આવેલ હોવા છતાં તે અગાઉના સમયમાં વેરો સમયસર ચૂકવવામાં આવેલ હોય અને પત્રક મોડુ ભરવામાં આવે તો પણ વ્યાજ લાગે નહીં. તો પોતાના અગાઉના આર્યાકોટન ઈન્ડ.ના ચૂકાદાનું પાલન ન કરવા બદલ ના.હાઈકોર્ટે સરકારને રૂ. 5000ની કોરટ ફટકારતો ચૂકાદો ના.હાઈકોર્ટે ખૂબ તાજેતરમાં આવ્યો છે. ખેર ! અનાસ ઈન્ડસ્ટ્રીઝ વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના સ્પે.સી.એપ્લી.નં. 11064/2025ના તા. 16-7-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો.

**હક્કીત...**

અરજદાર તમાકુના ઉત્પાદન અને વેચાણનો ધંધો કરે છે. અરજદાર દ્વારા જુલાઈ-સપ્ટેમ્બર, 2017, જૂન 2020 અને માર્ચ-જૂન 2021ના સમયના રિટર્નો મોડા ભરવામાં આવેલ હતા. તો એક સિવાયના તમામ રિટર્નો અનુસાર વેરો રિટર્ન ભરવાની છેલ્લી તારીખ પહેલો સમયસર ઈલે. કેશ લેજરમાં જમા કરવામાં હતો, અરજદાર દ્વારા વ્યાજની કરવામાં આવેલ ગણત્રી અને તા. 1-6-23 ભરવામાં આવેલ વ્યાજ સામે વાંધો ઊભો કરવામાં આવ્યો તો મોડા ભરવા બદલ વ્યાજ ભરવા અરજદારને જણાવવામાં આવ્યું અને આર્યા કોટન ઈન્ડ.ના ચૂકાદા તરફ અધિકારીનું ધ્યાન દોરીને પોતે વધુ ભરેલ વ્યાજના રીફન્ડ માટે અરજી કરી, આમ છતાં અધિકારીએ રિફન્ડની અરજી નામંજૂર કરતો આદેશ તા. 14-6-25ના પસાર કર્યો જે આદેશને અરજદાર તરફથી ના.હાઈકોર્ટ સમક્ષ રીટ-પીટીશન ફાઈલ કરી પડકારવામાં આવ્યો.

**દલીલ...**

અરજદારના વિધ્વાન એડવોકેટે જણાવ્યું કે ના.હાઈકોર્ટમાં આર્યા કોટન ઈન્ડ.ના ચૂકાદા મુજબ જો રિટર્ન મોડુ ભરાયા હોય પરંતુ વેરો સમયસર ભરાયો હોય તો વ્યાજ લાગી શકે નહીં અને તેથી રિફન્ડ નામંજૂર કરતો આદેશ રદ કરવો જોઈએ.

**ચૂકાદો...**

ના.હાઈકોર્ટે એ બાબતની નોંધ લીધી કે આ કોર્ટના આર્યા કોટન ઈન્ડયના ચૂકાદાને અવગણી અધિકારીએ વ્યાજના રિફન્ડની અરજી ના મંજૂર કરી છે. અરજદારે વારંવાર આ ચૂકાદાનું ધ્યાન દોર્યું હોવા છતાં ખાતાએ તે બાબત ધ્યાનમાં લીધી નથી. ના.હાઈકોર્ટે નોંધ્યું કે સરકાર તરફથી એ વાતનો અસ્વીકાર કરવામાં આવ્યો નથી એમ જણાવી અરજદારની રીટ-પીટીશન મંજૂર કરી અને રીફન્ડ નકારતો તા. 17-6-25નો ઓર્ડર દૂર કર્યો અને ફરમાવ્યું કે રીફન્ડની અરજી અનુસાર વ્યાજની રકમનું રીફન્ડ 6 ટકાના વ્યાજ સાથે 6 અઠવાડિયામાં ચૂકવવું. તો આર્યા કોટન ઈન્ડસ્ટ્રીઝના ચૂકાદાની અવગણના બદલ ના. હાઈકોર્ટ સરકારને રૂા. 5000ની કોરટ ફટકારી, તે એસ્ટ એક અઠવાડિયામાં જમા કરાવવા ફરમાવ્યું.

## 31 જુલાઈ સુધીમાં 5.9 કરોડથી વધુ રિટર્ન ફાઈલ કરાયા

મુંબઈ, તા. 1: 31 જુલાઈ સુધીમાં આકરણી વર્ષ 2026-27 માટે 5.9 કરોડથી વધુ ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા છે. ગયા વર્ષે, 16 સપ્ટેમ્બર, 2025 સુધીમાં 7.3 કરોડથી વધુ ઈમકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા હતા.

આકારણી વર્ષ AY 2025-26 માટે ટેક્સ રિટર્ન ભરવા માટે મુદ્દત લંબાવામાં આવી હતી. આવકવેરા વિભાગે શનિવારે જણાવ્યું હતું કે, આકારણી વર્ષ 2026-27 માટે દંડ અને વ્યાજ વિના - જેમને તેમના ખાતાઓનું ઓડિટ કરાવવાની જરૂર નથી - આવકવેરા રિટર્ન (ITRs) 1 અને 2 ફાઈલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ હતી.

આવકવેરા વિભાગે શનિવારે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ITR ફોર્મ 1 (સહજ) એ એક સરળ ફોર્મ છે જે મોટી સંખ્યામાં નાના અને મધ્યમ કરદાતાઓને સેવા આપે છે. સહજ એ સામાન્ય વ્યક્તિ દ્વારા ફાઈલ કરી શકાય છે જેની વાર્ષિક આવક રૂ. 50 લાખ સુધીની હોય અને જેની પગાર આવક, એક મકાન મિલકત અને વાર્ષિક કૃષિ આવક રૂ. 5,000 સુધી હોય. ITR-2 એ વ્યક્તિઓ અને એચયુએફ દ્વારા ફાઈલ કરવામાં આવે છે જેમને વેપાર અથવા વ્યવસાયમાં નફા અને લાભમાંથી આવક નથી, પરંતુ લાભ કેપિટલ ગેઈન્સથી આવે છે. વ્યવસાય અથવા વ્યવસાયમાંથી આવક ધરાવતા અને જેમના ખાતા ફરજિયાત કર ઓડિટને આધીન નથી તેવા કરદાતાઓ પાસે 31 ઓગસ્ટ સુધી તેમના રિટર્ન ફાઈલ કરવા માટે સમય હશે.

## સીડીએસએલમાં ડિમેટ ખાતાની સંખ્યા 18 કરોડને પાર

**પ્રથમ** ક્વાર્ટરમાં ચોખ્ખો નફો 15 ટકા વધીને રૂ. 118 કરોડ

મુંબઇ, તા. 1: સીડીએસએલે જુન કવાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ સમયગાળા દરમ્યાન કંપનીના કોન્સોલિડેટેડ પ્રોફિટમાં વાર્ષિક ધોરણે 15 ટકાનો વધારો થયો છે. આ સારી આવક વૃદ્ધિ અને રોકાણકારોના ખાતામાં સતત વધારા દ્વારા સંચાલિત હતું.

જુન કવાર્ટરમાં સીડીએસએલનો નફો 118 કરોડ રૂપિયા રહ્યો હતો. એક વર્ષ પહેલા સમાન સમયગાળામાં તે રૂ. 102 કરોડ હતો. કવાર્ટર ઓન કવાર્ટરના આધારે કંપનીનો નફો 47 ટકા વધ્યો છે. જે મર્ચ કવાર્ટરમાં રૂ. 80 કરોડનો હતો. જ્યારે આવક વાર્ષિક ધોરણે 15 ટકા વધીને રૂ. 342 કરોડ થઇ છે.

સીડીએસએલ દેશની પ્રથમ ડિપોઝીટરી બની છે જેમાં કુલ 18.59 કરોડના ડિમેટ ખાતા છે. એક વર્ષ પહેલા તે 15.86 કરોડ રૂપિયા હતો. જુન કવાર્ટરમાં કંપનીના ડિમેટ એકાઉન્ટસની સંખ્યામાં 58 લાખનો વધારો થયો છે. જુન કવાર્ટરમાં કંપનીએ સમતા ફાઉન્ડેશનમાં 2 ટકા હિસ્સો ખરીદ્યો હતો. આ માટે કંપનીએ રૂ. એક કરોડનું રોકાણ કર્યુ હતું.

## EPFOના ૧૮૦૦ કરોડનું નુકસાન કરવા બદલ રિલાયન્સ કેપિટલ અને અનિલ અંબાણી સામે CBIએ ગુનો નોંધ્યો

**છેતરપિંડી,** ફોજદારી કાવતરું અને ઈપીએફઓને ગેરકાયદે નુકસાન પહોંચાડવાનો આરોપ

નવી દિલ્હી, તા. ૧ (પીટીઆઈ) સીબીઆઈએ રિલાયન્સ કેપિટલ લિમિટેડ (આરસીએલ) અને તેના પૂર્વ ચેરમેન અનિલ ડી. અંબાણી સામે ઈપીએફઓને ૧,૮૧૬.૨૨ કરોડનું નુકસાન પહોંચાડવાના કથિત આરોપસર એફઆઈઆર નોંધી છે. એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. જોકે, અંબાણીના પ્રવક્તા દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદન અનુસાર, અંબાણીએ કોઈ પણ ખોટું કામ કર્યું હોવાનો ઈનકાર કર્યો છે.

અધિકારીઓએ જણાવ્યું કે, આ કાર્યવાહી કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય તરફથી ૨૧ જુલાઈના રોજ મળેલી એક ફરિયાદ બાદ કરવામાં આવી છે, જેમાં છેતરપિંડી, ફોજદારી કાવતરું અને કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ)ને ગેરકાયદે નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

ફરિયાદમાં એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે, "હાલની ફરિયાદ ઈપીએફઓ દ્વારા તેના અધિકૃત અધિકારી મારફતે સક્ષમ ઓથોરિટીની મંજૂરી બાદ દાખલ કરવામાં આવી રહી છે. આ ફરિયાદ રિલાયન્સ કેપિટલ લિમિટેડ દ્વારા જારી કરાયેલા સિક્યોર્ડ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (એનસીડી) માં ઈપીએફઓના રોકાણથી થયેલા મોટા નુકસાન અને ત્યાર બાદ આવા રોકાણ સાથે જોડાયેલા કપટપૂર્ણ આચરણના પુરાવા મળવાને કારણે કરવામાં આવી છે."

આ ફરિયાદનો જવાબ આપતાં અંબાણીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "સીબીઆઈ દ્વારા નોંધવામાં આવેલી એફઆઈઆર રિલાયન્સ કેપિટલ લિમિટેડ સાથે સંબંધિત છે. અંબાણીએ ૨૦૦૫થી નવેમ્બર ૨૦૨૧ સુધી રિલાયન્સ કેપિટલ લિમિટેડના બોર્ડના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર/ચેરમેન તરીકે સેવા આપી હતી. ત્યાર બાદ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા કંપનીના ડિરેક્ટર બોર્ડને બરતરફ કરીને એક એડમિનિસ્ટ્રેટરની નિમણૂક કરવામાં આવી હતી."પ્રવક્તાએ વધુમાં જણાવ્યું કે, "અનિલ અંબાણી કોઈપણ ખોટું કામ કર્યું હોવાનો સ્પષ્ટ ઈનકાર કરે છે અને કાયદા હેઠળ તેમને મળેલા તમામ અધિકારો અનામત રાખે છે."

## યુપીઆઈએ માસિક ટ્રાન્ઝેક્શનમાં રેકોર્ડ બનાવ્યો: જુલાઈમાં ટ્રાન્ઝેક્શન વધીને 23.66 અબજ થયા

નવી દિલ્હી, તા. 1: રોજિંદા ડિજિટલ પેમેન્ટ્સ અને મેટ્રોપોલિટન શહેરો સિવાયના વિસ્તારોમાં વધતા વપરાશને કારણે જૂનની સરખામણીએ ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં 4.1 ટકા અને વાર્ષિક ધોરણે 22 ટકાનો વધારો નોંધાયો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા શેર કરવામાં આવેલા ડેટા અનુસાર, જુલાઈ 2026માં યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) ટ્રાન્ઝેક્શન્સે 29.88 ટ્રિલિયનના મૂલ્યના 23.66 અબજ ટ્રાન્ઝેક્શન સાથે તેમનું અત્યાર સુધીનું સૌથી વધુ માસિક વોલ્યુમ નોંધાવ્યું છે. જૂનની સરખામણીએ ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં 4.1 ટકા અને ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં 3.3 ટકાનો વધારો થયો છે. કેશફ્રી પેમેન્ટ્સના સહ-સ્થાપક રીજુ દત્તાએ જણાવ્યું હતું કે, "જુલાઈમાં આવી કોઈ વિશેષ સાનુકૂળ પરિસ્થિતિઓ નહોતી, જેનો અર્થ એ થાય છે કે આ વૃદ્ધિ કોઈ મોસમી કે માળખાકીય ઘટનાને બદલે ચોખ્ખી રીતે સ્વાભાવિક અને રોજિંદા વ્યવહારના વર્તનને કારણે થઈ રહી છે."

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૨૦૦ |
| એમ-30 | ૫૨૦૦ |
| એસ-30 | ૫૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૧૦૦ |
| એસ-30 | ૫૦૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૨૯૦ |
| તેજાબી સોનું | ૧૪૭૨૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૯૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૪૩૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૨૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૩૪૫૦ |
| ચાંદી સિક્કા | ૨૨૪૯૫૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

## મોરોક્કોના હજારો મુસ્લિમ નાગરિકો જીવના જોખમે સ્પેનમાં કેમ ઠલવાઈ રહ્યા છે?



**ટુંઘ પોઇન્ટ** ▪ સંજય વોરા ▪

દરિયાકાંઠે આવેલા સ્પેનિશ પ્રદેશ સેઉટામાં એક મોટું સરહદી સંકટ ઊભું થયું છે, કારણ કે મોરોક્કોથી હજારો મુસ્લિમ હીજરતીઓએ એકસાથે સરહદ પાર કરીને સ્પેનિશ પ્રદેશમાં પ્રવેશ કર્યો છે. છેલ્લા કેટલાક દિવસોમાં આ મુસ્લિમ દેશથી સ્પેનમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા સ્થળાંતરકારોની અંધાધૂંધીમાં ઓછામાં ઓછા ૬૦ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે સ્પેનિશ સરકારે સરહદ પર વ્યવસ્થા પુન:સ્થાપિત કરવા માટે સૈન્ય તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. આ ઘટના પછી, સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝે જાહેરાત કરી છે કે તેઓ ગૃહ પ્રધાન ફર્નાન્ડો ગ્રાન્ડે-માર્લાસ્કા સાથે સેઉટાની મુલાકાત લેશે.

મોરોક્કોથી સ્પેન તરફ અચાનક લોકોના ધસારો થવા પાછળ કોઈ સ્પષ્ટ કારણ દેખાતું નથી. બુધવારથી દરિયાઇ માર્ગે તરીને સેઉટા જવાનો પ્રયાસ કરતા લોકોની સંખ્યા વધી રહી છે. મોરોક્કન પોલીસ ઘણા લોકોને સરહદ પાર કરતા અટકાવી રહી છે. સેઉટાનું વહીવટીતંત્ર માને છે કે જથ્થાબંધ સ્થળાંતરનું એક કારણ સ્પેનિશ સુપ્રીમ કોર્ટનો તાજેતરનો ચુકાદો હોઈ શકે છે. કોર્ટે આ મહિને ચુકાદો આપ્યો હતો કે દરિયાઈ માર્ગે આવતા સ્થળાંતર કરનારાઓને કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા વિના તાત્કાલિક દેશનિકાલ કરી શકાતા નથી, જ્યારે જમીન માર્ગે સરહદ પાર કરનારાઓ માટે અલગ નિયમો છે. જો કે, મોરોક્કન માનવાધિકાર કાર્યકરો કહે છે કે મોટાભાગના સ્થળાંતર કરનારાઓને આ કાનૂની ચુકાદાની જાણ ન હોય શકે, તેથી આ એકમાત્ર કારણ ન હોઈ શકે.

સેઉટા એ સ્પેનનો એક નાનો પ્રદેશ છે, જે ઉત્તર આફ્રિકાના દરિયાકાંઠે સ્થિત છે. તે ચારેય બાજુ આફ્રિકાના મોરોક્કોથી ઘેરાયેલો છે, પરંતુ વહીવટી રીતે સ્પેનનો ભાગ છે. તેથી, અહીં આવનાર કોઈપણ યુરોપિયન યુનિયનની સરહદ પર પહોંચી જાય છે. ઘણા આફ્રિકન દેશોના લોકો સારો રોજગાર, સુરક્ષિત જીવન અને હિંસાથી બચવાની આશામાં અહીં પહોંચવાનો પ્રયાસ કરે છે. ગુરુવારે સવારે મોટી સંખ્યામાં લોકો અચાનક મોરોક્કન બાજુથી સરહદ પાર કરવા લાગ્યા હતા. ઘણા લોકો તારાજલ બીચના બ્રેકવોટર દ્વારા પગપાળા સ્પેનિશ શેરીઓમાં પહોંચ્યા હતા. તેમાંના મોટાભાગના યુવાનો હતા, પરંતુ આ ભીડમાં મહિલાઓ અને બાળકોવાળા પરિવારો પણ હતા.

સ્પેનિશ સરકારે શનિવારે જાહેરાત કરી હતી કે કેટલાક સ્થળાંતર કરનારા પીડિતો દરિયામાં ડૂબી ગયા હતા, જ્યારે કેટલાક બ્રેકવોટર બેરિયર પાર કરતી વખતે નાસભાગમાં મૃત્યુ પામ્યા હતા. ગુરુવાર અને શુક્રવારની વચ્ચે, આશરે ૬૦,૦૦૦ સ્થળાંતર કરનારાઓએ આ નાના સ્પેનિશ પ્રદેશમાં સરહદ પાર કરી હતી. આ વિશાળ ધસારાને પગલે, સ્પેને જાહેરાત કરી છે કે તે સમુદ્રમાં બ્રેકવોટર વાડ સાથે ૫૦૦ મીટર લાંબો કન્ટેઈનમેન્ટ બેરિયર સ્થાપિત કરી રહ્યું છે.

સેઉટા વહીવટીતંત્રે બુધવારે ચેતવણી આપી હતી કે છેલ્લાં અઠવાડિયામાં ૧,૫૦૦ થી વધુ સ્થળાંતર કરનારાઓના આગમનથી સ્વાગત કેન્દ્રો ભરાઈ ગયાં હતાં, જેના કારણે સેંકડો લોકોને રસ્તાઓ પર રાત વિતાવવાની ફરજ પડી હતી. ગુરુવારે રાત્રે અને સવારે હજારો વધુ લોકોના આગમનથી પરિસ્થિતિ વધુ વણસી ગઈ હતી. સ્પેનિશ ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૧૫ જુલાઈ સુધીમાં આ વર્ષે લગભગ ૩,૦૦૦ સ્થળાંતર કરનારાઓ સમુદ્ર અને જમીન માર્ગે સેઉટા પહોંચ્યા હતા. આગામી સત્તાવાર સ્થળાંતર અહેવાલ ૩ ઓગસ્ટના રોજ જાહેર કરવામાં આવશે.

આ પહેલી વાર નથી જ્યારે સ્પેને કટોકટીનો સામનો કરવો પડ્યો હોય. મે ૨૦૨૧ માં, બે દિવસમાં ૮,૦૦૦ થી વધુ સ્થળાંતર કરનારાઓ સેઉટામાં પ્રવેશ્યા હતા. તે સમયે, મોરોક્કો પર ઇરાદાપૂર્વક સરહદ દેખરેખમાં ઢીલ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સ્પેને પોલિસારિયો ફ્રન્ટના નેતા બ્રાહિમ ગાલીને પોતાની હોસ્પિટલમાં સારવાર લેવાની મંજૂરી આપી ત્યારે વિવાદ ઊભો થયો હતો. આનાથી મોરોક્કો અને સ્પેન વચ્ચે રાજદ્વારી તણાવ વધ્યો હતો. પોલિસારિયો ફ્રન્ટ લાંબા સમયથી પશ્ચિમ સહારાના સહરાવી લોકોનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરે છે, જ્યારે મોરોક્કો પણ આ પ્રદેશ પર દાવો કરે છે. સ્પેને હાલમાં સરહદ પર સૈનિકો તૈનાત કરવાનો નિર્ણય લીધો છે, અને વડા પ્રધાન પોતે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે સેઉટાની યાત્રા કરી રહ્યા છે. દરમિયાન, સ્પેન અને મોરોક્કો બંને ગેરકાયદેસર હીજરત કરનારાઓને સ્વદેશ પરત મોકલવા અને સરહદ નિયંત્રણ મજબૂત કરવા માટે સાથે મળીને કામ કરવા સંમત થયા છે.

સેઉટા સ્પેનનો ભાગ છે અને આફ્રિકામાં સ્થિત છે. તે સ્થળાંતર કરનારાઓ માટે યુરોપ પહોંચવાનો સૌથી ટૂંકો અને સીધો જમીન માર્ગ છે. મોરોક્કન શહેરો ફનિડેક અને બેલ્યુનેચથી લોકો તરીને આવે છે. કેટલાક બેવડા સ્તરવાળી સરહદી વાડ પર ચઢે છે અથવા કાપી નાખે છે. ઘણા લોકો રિંગ્સ અને ફ્લિપર્સનો ઉપયોગ કરે છે. સ્પેને તેની સિવિલ ગાર્ડ, નૌકાદળ, હવાઈ દેખરેખ અને ડાઇવિંગ ટીમો તૈનાત કરી છે.

વડા પ્રધાન પેડ્રો સાંચેઝ પણ સેઉટાની મુલાકાત લઈ શકે છે. બંને દેશો સેઉટાને લઈને મતભેદમાં રહ્યા છે. ૨૦૨૧ માં મોરોક્કોએ તેના સરહદી પ્રતિબંધો હળવા કર્યા, જેના કારણે ૮,૦૦૦ લોકોનો ધસારો થયો હતો. આને સ્પેન સામે બદલો લેવાની કાર્યવાહી તરીકે જોવામાં આવ્યું હતું. સ્પેન કહે છે કે તે માનવ તસ્કરી નેટવર્ક દ્વારા ઉશ્કેરવામાં આવ્યું હતું.

સેઉટા ભૂમધ્ય સમુદ્ર પર સ્થિત છે અને લગભગ સંપૂર્ણપણે મોરોક્કન પ્રદેશથી ઘેરાયેલું છે. આ શહેર મોરોક્કો સાથે તેની જમીની સરહદ વહેંચે છે. સમુદ્રની પેલે પાર સ્પેનિશ મુખ્ય ભૂમિ આવેલી છે. સેઉટાનો વિસ્તાર ઘણો નાનો છે, જેની વસ્તી આશરે ૮૫,૦૦૦ છે. આ શહેરમાં ખ્રિસ્તી, મુસ્લિમ, યહૂદી અને અન્ય સમુદાયો રહે છે. સ્પેનિશ અને અરબી સંસ્કૃતિનો પ્રભાવ અહીં સ્પષ્ટપણે દેખાય છે. સેઉટા સાથે બીજું એક શહેર મેલિલા પણ છે, જે આફ્રિકામાં સ્થિત એક સ્પેનિશ પ્રદેશ છે. સેઉટા અને મેલિલા યુરોપ અને આફ્રિકા વચ્ચેની બે મુખ્ય જમીન સરહદો બનાવે છે. સેઉટાનો ઇતિહાસ લાંબો છે. આ શહેર હંમેશા દરિયાઈ વેપાર અને લશ્કરી હેતુઓ માટે મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ફોનિશિયન, રોમન, બાયઝેન્ટાઇન અને આરબ શાસકોથી પ્રભાવિત હતું. ૧૫મી સદીમાં પોર્ટુગલે સેઉટા પર વિજય મેળવ્યો. ૧૪૧૫માં પોર્ટુગીઝ દળોએ શહેરનો કબજો મેળવ્યો. બાદમાં, સ્પેનિશ અને પોર્ટુગીઝ રાજાશાહી થોડા સમય માટે મર્જ થઈ ગઈ. આ સમયગાળા દરમિયાન સેઉટાના સ્પેન સાથેના સંબંધો મજબૂત બન્યા. ૧૬૬૮માં પોર્ટુગલે સેઉટા પર સ્પેનની સાર્વભૌમત્વને ઔપચારિક રીતે સ્વીકાર્યું. ત્યારથી સેઉટા સ્પેનિશ વહીવટ હેઠળ છે.

મોરોક્કોનો દલીલ ભૂગોળ અને વસાહતવાદમાં મૂળ ધરાવે છે. તે દલીલ કરે છે કે સેઉટા આફ્રિકન ભૂમિ પર સ્થિત છે અને મોરોક્કોના ઉત્તરીય કિનારાનો કુદરતી ભાગ છે, અને તેથી તેને મોરોક્કોને પરત કરવો જોઈએ. મોરોક્કો સેઉટા અને મેલીલાને યુરોપિયન વસાહતવાદના અવશેષો માને છે. મોરોક્કો પ્રશ્ન કરે છે કે જ્યારે ઘણા દેશોએ સંસ્થાનવાદથી સ્વતંત્રતા મેળવી છે ત્યારે આફ્રિકન ભૂમિ પર યુરોપિયન નિયંત્રણ કેમ ચાલુ રહે છે. મોરોક્કો વારંવાર એવી પણ દલીલ કરે છે કે સ્પેનનો દાવો જિબ્રાલ્ટર પરના તેના વલણ સાથે અસંગત છે. સ્પેન બ્રિટન પાસેથી જિબ્રાલ્ટર પાછું મેળવવા માંગે છે, જ્યારે સેઉટા અને મેલિલા પર નિયંત્રણ જાળવી રાખે છે.

સેઉટા સરહદ ઊંચી વાડ, દેખરેખનાં સાધનો અને સુરક્ષા કર્મચારીઓ દ્વારા સુરક્ષિત છે. આમ હોવા છતાં, લોકો હજુ પણ તેને પાર કરવાનો પ્રયાસ કરે છે. કેટલાક વાડ ઉપર ચઢવાનો પ્રયાસ કરે છે, જ્યારે કેટલાક સમુદ્ર માર્ગે તરીને પાર કરવાનો પ્રયાસ કરે છે. ઘણા સ્થળાંતર કરનારાઓ નજીકના મોરોક્કન શહેર ફનિડેકથી સેઉટા તરફ જાય છે, જ્યારે અન્ય નજીકના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી સમુદ્ર માર્ગે પાર કરવાનો પ્રયાસ કરે છે. આ યાત્રા જીવલેણ બની શકે છે. જોરદાર મોજાં, થાક અને ભીડને કારણે મૃત્યુના અહેવાલો આવ્યા છે. સ્થળાંતર કરનારાઓ એવું માને છે કે કોર્ટના ચુકાદાથી તેમને તાત્કાલિક દેશનિકાલ કરવામાં આવશે નહીં. જમણેરી પક્ષો સરકાર પર નિષ્ફળતાનો આરોપ લગાવી રહ્યા છે. સ્થળાંતર કરનારા કેનેરી ટાપુઓથી આવે છે. આ કટોકટીની અસર ઇટાલી સુધી પહોંચી છે. ઇટાલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયો મેલોનીએ નાગરિકોની સુરક્ષા માટે સ્પેન સાથેના શેંગેન કરારને સ્થગિત કરવાની ધમકી આપી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**સ્પેનિશ સરકારે જાહેરાત કરી હતી કે સ્થળાંતર કરનારા કેટલાક પીડિતો દરિયામાં ડૂબી ગયા હતા, જ્યારે કેટલાક બ્રેકવોટર બેરિયર પાર કરતી વખતે નાસભાગમાં મૃત્યુ પામ્યા હતા**


RAJHANS ®
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત



સ્પાઈડર મેન (હિન્દી)
૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, રાત્રે : ૧૦.૧૫
જન નેતા
૧૨.૦૦, ૩.૧૫, ૬.૪૫, રાત્રે :૧૦.૦૦
ધમાલ-4
૧૨.૪૫, ૩.૪૫, ૬.૩૦, રાત્રે : ૯.૩૦

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્હી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm ◎: @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
(હિન્દી) સુપરહીટ
સ્પાઈડર મેન
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૪૫, ૧૨.૪૫, ૨.૩૦, ૩.૩૦, ૫.૧૦, ૬.૧૫, ૭.૫૦, રાત્રે: ૯.૦૦, ૧૦.૩૦
(ગુજરાતી) ફેમિલી ફિલ્મ
હીપ હીપ હુ રે
૯.૨૦, ૧૨.૦૦, ૨.૨૦, ૪.૪૦, રાત્રે: ૮.૨૦
ભાઈ તેરા સ્ટાર હૈ
(હિન્દી) ૨.૪૦, ૭.૨૦, રાત્રે: ૧૦.૨૦
ધમાલ-4
૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૨૦, ૩.૦૦, ૪.૨૫, ૫.૦૦, ૬.૨૦, ૭.૦૦, રાત્રે: ૯.૦૦, ૯.૩૫, ૧૧.૦૦
(ગુજરાતી)
મારણ
૧૧.૪૦, ૨.૨૦, રાત્રે: ૮.૦૦
દુલ્હનીયા લે આયેગી
(હિન્દી) ૧૨.૦૦, ૫.૪૦
જન નેતા
૯.૦૦, ૧૧.૪૦, ૧.૧૦, ૩.૦૦ ૫.૦૦ રાત્રે: ૯.૨૦, ૧૦.૩૫
(ગુજરાતી)
લાયક નાલાયક
સવારે: ૯.૦૫
દિલ દિવાના હો ગયા
(હિન્દી) સવારે: ૯.૧૫
લાલો: શ્રીકૃષ્ણ સદા સહાયતે
(ગુજરાતી) રાત્રે: ૧૧.૫૦

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
ફુલ એકશન, જોરદાર એકશન




જ ન ને તા
થલાપતિ વિજય, બોબી દેઓલ, પૂજા હેંગડે, પ્રકાશ રાજ
૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, રાત્રે : ૯.૪૫




ભાઈ તેરા સ્ટાર હૈ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJ IMPERIAL
Tickets Booking@Raj Imperial Inox
Ph.: 02612577777
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
INOX



સ્પાઈડર મેન બ્રાન્ડ ન્યૂ ડે
3D હિન્દી: ATMOS: ૯.૦૦,૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૫૫, ૩.૫૫, ૫.૦૦, ૬.૦૦, ૭.૦૦, રાત્રે: ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૨૫
2D હિન્દી ATMOS: ૯.૩૦, ૧૧.૦૦, ૧૨.૩૦, ૨.૦૦, ૩.૨૫, ૫.૦૦, ૬.૨૫, રાત્રે: ૯.૨૫
જન નેતા
સવારે: ૯.૦૦
ધમાલ-4
સવારે: ૧૦.૪૫, રાત્રે: ૯.૨૦
મેં તો પાલવડે બાંધી પ્રિત (ગુજરાતી): ૪.૦૦
ભાઈ તેરા સ્ટાર હૈ
૧.૪૦, ૭.૦૦
The Odyssey
(હિન્દી) ૭.૦૦
મારણ
(ગુજરાતી) ૩.૦૦, રાત્રે:૯.૦૦
હીપ હીપ હુર્રે
ગુજરાતી: ૧૨.૩૫